## ડેડીયાપાડામાં આદિવાસી રેલીમાં રાહુલ ગાંધી હાજર રહેશે

અમદાવાદ, તા.૨૬

બુથ શશક્તિકરણ સમિતિના સભ્યઓ, શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ નેતાઓ તથા કારોબારી ચેરમેનઓ, શહેર જિલ્લા તથા વિધાનસભા નિરિક્ષકઓની અગત્યની બેઠક આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ૧લી મેના રોજ ગુજરાત રાજયનો સ્થાપના દિન છે ઉપરાંત આંતરરાષ્ટ્રીય કામદારા દિવસ પણ છે સાથો સાથ નવસર્જન આદિવાસી અધિકાર જનસભા ડેડીયાપાડા ખાતે રાખવામાં આવી છે. આ જનસભાને ઐતિહાસિક બનાવીશું. ગુજરાતમાં ભાજપ સરકારની અનેક ક્ષેત્રે નિષ્ફળતાઓ છે આ વાત પ્રજાજનો સમક્ષ લઈ જવાની છે અને કોંગ્રેસની સરકાર આવશે તો શું કરશે તે મુદ્દાઓ પણ પ્રજા સમક્ષ લઈ જવાની આપણી જવાબદારી છે તેમ જણાવી ભરતસિંહ સોલંકીએ, ગુજરાતમાં ખેડુતોના પ્રશ્નો યથાવત છે. ગુજરાતમાં તુવેર દાળ ભાજપ સરકાર ટેકાના ભાવે ખરીદતી નથી. ભાજપના ખેડુત વિરોધી નિતીઓને ખુલ્લી પાડવાની જવાબદારી કોંગ્રેસી કાર્યકરોની છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચના આદેશ અનુસાર દરેક રાજકીય પક્ષે સંગઠનની ચૂંટણી પૂર્ણ કરવાની છે ત્યારે આપણા સંગઠનની ચૂંટણી પણ મે મહિનામાં પૂર્ણ કરવાની રહેશે અને રાહુલને કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવે તે ઈચ્છનીય છે. ગુજરાતમાં દરિયાકાંઠાના વિસ્તારો અને માછીમારી સમુદાય અનેક પ્રશ્નો પડતર છે આ મુદ્દાઓને લઈને કોંગ્રેસ કિનારા બચાવો અભિયાનનું આયોજન કર્યું છે. તે અંગે વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકારોએ હંમેશા માછીમાર સમુદાયને બોટ ખરીદવાથી માંડીને જીવનધોરણને સમૃધ્ધ બનાવવા પ્રોત્સાહન આપ્યું છે.

# હવે, અશોક ગહેલોત ગુજરાત કોંગ્રેસના નવા પ્રભારી બન્યા

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને નિર્ણયો લેશે : શંકરસિંહની મહત્વની બેઠકમાં સૂચક ગેરહાજરી

અમદાવાદ, તા.૨૬

ગુજરાત કોંગ્રેસના નવા પ્રભારી તરીકે રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહેલોતની નિમણૂક કરવામાં આવી છે. અશોક ગહેલોતોની સાથે અન્ય ચાર મહામંત્રીઓને પણ નિમણૂક કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને આ નિમણૂકો કરાઈ છે. કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ ગુજરાત વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને એઆઈસીસીની ગુજરાત કમિટિની નવી ટીમની નિમણુક જાહેર કરી હતી. આ સાથે લાંબા સમય બાદ સોનિયા ગાંધી પણ આ પ્રક્રિયા સાથે સક્રિય ભૂમિકામાં નજરે પડ્યા છે. ગુજરાત કોંગ્રેસને બેઠી કરવા અને દાયકાઓથી સત્તાથી દુર રહેવાની આવેલી સ્થગિતતાને દુર કરવા સોનિયા ગાંધીએ આખી નવી ટીમ મેદાનમાં ઉતારી છે. ગુજરાતમાં હાલ કોંગ્રેસની સ્થિતિ સુસ્ત અને નિરાશાપૂર્ણ છે ત્યારે ગુજરાતના કેન્દ્રીય પ્રભારી તરીકે વયોવૃદ્ધ અને અનુભવી અશોક ગહેલોતની નિમણુકથી નવો સંચાર થશે તેવી આશા પણ ગુજરાત પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વ્યક્ત કરી છે.



પ્રભારી અશોક ગહેલોતની સાથે અન્ય ચાર મહામંત્રીઓની નિમણુક પણ જાહેર કરવામાં આવી છે. જેમાં નવી એઆઈસીસી ટીમમાં અશોક ગહેલોત ઉપરાંત રાજીવ સાતાવ, હર્ષવર્ધન સાપકાલ, વર્ષા ગાયકવાડ, જીતુ પટવારી પણ ગુજરાત વિધાનસભા ચૂંટણી પર ધ્યાન આપશે. આ નવી ટીમ જ હવે ગુજરાત વિધાનસભા ચૂંટણીનો ગંજીપો ચીપશે. આ ઘટનાક્રમની વચ્ચે દિલ્હીમાં ગુરુદાસ કામતે પક્ષમાંથી તમામ હોદ્દા પરથી સાગમટે રાજીનામુ સોનિયા ગાંધીને મોકલી આપી નિવૃત્તિ લઈ લીધી હોવાનું જાહેર કરી દીધું છે અને સોનિયા ગાંધીનો આભાર માન્યો છે. તો ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં ગુજરાત કોંગ્રેસના તમામ ધારાસભ્ય અને સાંસદોની એક મહત્વપૂર્ણ બેઠક પણ મળી હતી. જેમાં બુથ સશક્તિકરણ સંદર્ભે રણનીતિ ઘડવા ચર્ચા કરાઈ છે. મહત્વપૂર્ણ છે કે આ બેઠકમાં વિધાનસભા કોંગ્રેસ નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા ન હતા. ત્યારે ચૂંટણીઓને લઈને ગુજરાત કોંગ્રેસ સક્રિય બની ગઈ છે.

## આ પણ વાંચીએ...

### મિસ્બા ઉલ હકનો અનોખો રેકોર્ડ



પાકિસ્તાનના ક્રિકેટ ટીમના કેપ્ટન મિસ્બા ઉલ હકના નામે અનોખો રેકોર્ડ નોંધાયો છે. વેસ્ટઈન્ડિઝ સામે રમાઈ રહેલી પહેલી ટેસ્ટમાં પાકિસ્તાની ટીમના કેપ્ટન મિસ્બા ઉલ હક માત્ર એક રન માટે સદી બનાવવાનુ ચુકી ગયા. તેઓ નર્વસ નાઈન્ટીનનો ભોગ નહોતા બન્યા પરંતુ બધાજ ખેલાડીઓ આઉટ થઈ જતાં તેઓને પેવેલીયન ભેગા થવુ પડ્યુ હતુ. ૧૪૦ વર્ષના ક્રિકેટ ઈતિહાસમાં તેઓ એવા બીજા ક્રિકેટર રહ્યા જેઓ ૯૯ રને અણનમ રહી પેવેલીયન ભેગા થયા હતા.

### બેટરી બનાવવા માટે કામ આવશે જાંબુ

ઉનાળાના અંતિમ દિવસોમાં બજારોમાં જોવા મળતા જાંબુ હવે સસ્તા સૌર સેલ બનાવવા કામમાં લાગશે. વૈજ્ઞાનિકો અનુસાર જાંબુમાં ઉપસ્થિત પિગમેન્ટનો ઉપયોગ સૌરસેલના પ્રકાશ સંવેદી તરીકે કરવામાં આવશે. આઈઆઈટી રુરકીના વૈજ્ઞાનિકોએ આ સફળ પ્રયોગ કર્યો છે.



### શાહજાહાંની કબર પર ચઢાવાઈ હજાર મીટર લાંબી ચાદર

મુગલ બાદશાહ શાહજાહાંના ૩૬૨મા ઉર્સ પ્રસંગે તાજમહલ ખાતે શાહજાહાંની કબરને એક હજાર મીટર લાંબી ચાદર ચઢાવવામાં આવી હતી. આ અવસરે ખુબ જ મોટી સંખ્યામાં પર્યટકો અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.



## મહેસાણા જિલ્લાના પેન્શનરોએ વાર્ષિક હયાતીની ખરાઈ કરવી

મહેસાણા, તા. ૨૬

મહેસાણા જિલ્લાના પેન્શનરો વાર્ષિક હયાતીની ખરાઈ જિલ્લા તીજોરી કચેરીના રકર્ડ મુજબ પસંદ કરેલ બેન્ક શાખામાં કરાવી લેવા જણાવાયું છે. મે મહિનામાં ખરાઈ ન કરાવી શકે તેમને જુલાઈ માસ સુધીની છૂટ આપવામાં આવે છે. છુટના આ મહિનાઓ દરમિયાન હયાતીની ખરાઈ કરાવવામાં નહી આવે તેવા પેન્શનરોના કિસ્સામાં ઓગષ્ટ માસથી પેન્શનની રકમનું ચૂંકવણું સ્થગિત કરવામાં આવશે તેમ જિલ્લા તિજોરી અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## હડકશા માતાના મંદિરે દેવીપુજક સમાજે વિધાનસભા ચૂંટણી બહિષ્કારના સંકલ્પ લીધા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કોઠા ગામે ચૈત્ર માસના છેલ્લા અઠવાડીયામાં હડકશા સંકલ્પ લીધા છે.

કોઠા ગામે હડકશા માતાજીના મંદિર ગત્ તા.૧૯થી ૨૩એપ્રિલના રોજ માનવ મહેરામણ ઉભરાયો દેવીપુજક સમાજને લોકશાહીના હક્ક મળતા નથી. સમાજનું શોષણ વધી રહ્યું છે. આ સમાજને હકક અધિકાર મળે, શિક્ષણ વધે, કેટેગરીવાળુ સ્પેશીયલ ૧૧ ટકા અનામત મળે તેની લડત ચાલુ છે.કચ્છમાં રદ કરેલ અનુસુચિતના લાભ પરત આપવા સહિત રાજયના તેમજ મૌખિક રજુઆત અનેકવાર કરાઈ છે.પરંતુ સરકાર દ્વારા દેવીપુજક સમાજની માંગણીઓને ધ્યાને લેવાતી નથી. જેને પગલે





માતાના દર્શાનાર્થે દેશભરમાંથી દેવીપુજક સમાજના ભાઈ-બહેનો આવે છે. ત્યારે હડકશા માતાના મંદિરે એકત્ર થયેલા લાખો દેવીપુજક સમાજના ભાઈ બહેનોએ સમાજની પડતર માંગણીઓનો ચુંટણી પહેલા ઉકેલ નહી આવે તો આગામી વિધાનસભા ચુંટણી બહિષ્કારના હતો. અંદાજે નવ લાખથી પણ વધુ દેવીપુજકના સમાજના નાગરીકો એકઠા થયા હતા અને માતાજીના દર્શન કરી શ્રીફળ અને સુખડીનો પ્રસાદ ધરાવીને આશિર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વિરાટ દેવી પુજક સમાજના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું કે વ્યસનોમાંથી મુકિત મળે, અને સમાજમાંથી કુરિવાજો દુર થાય તે માટે લડત ચલાવવામાં આવી રહી છે. સમાજની પાયાની સમસ્યાનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. ઓબીસીના ૨૭ટકા અનામતમાંથી દેવી પુજક સમાજ અને ૪૦ વિચરતી વિમુકત જાતિઓને એસટી દરેક જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ દેવીપુજક સમાજના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે હોસ્ટેલ, છાત્રાલયો ઉભા કરવા, સ્વરોજગાર માટે આધુનિક શાકમાર્કેટ બનાવવા સહિતની માંગણી સરકાર સમક્ષ કરવામાં આવી છે. વિરાટ દેવીપુજક સમાજ દ્વારા મુખ્યમંત્રીને લેખિત દેવીપુજક સમાજમાં રોષ ભભુક્યો છે. જયારે ચુંટણી પહેલા સમાજની માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો ચુંટણી બહિષ્કારના સંકલ્પ હડકશા માતાજીના મંદિરે સમાજના ભાઈ બહેનોએ લીધા છે. તેમ વિરાટ દેવીપુજક સમાજના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું છે.

## અંબાવાડા શાળાના શિક્ષક બહેનનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

તલોદ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની અંબાવાડા પ્રા. શાળાના નિવૃત્ત થતા શિક્ષિકા બહેનની દિર્ઘકાલીન મળેલ સેવાને બિરદાવવા એક વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક મહાનુભાવો, ગ્રામજનો, બાળકો અને વાલીઓ આ પ્રસંગે નોંધપાત્ર સંખ્યામાં હાજર રહ્યા હતા.

આદર્શ પ્રા. શાળા-અંબાવાડામાં ૩૪ વર્ષથી શિક્ષિકા તરીકે ફરજ બજાવતા કપિલાબહેન ડી. પટેલ નિવૃત્ત થઈ રહ્યા છે. જેઓ સાબરકાંઠા જિ.પ્રા. શિ. સંઘના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે. તેઓના કર્મઠ યોગદાનને બિરદાવવા અને તેઓનું શેષ જીવન સુખ,સંતોષ અને શાંતિયુક્ત રીતે પાર પડે તેવી શુભ કામનાઓ સાથે શાળા પરિવારે સન્માન પત્ર આપી શાલ ઓઢાળી બહુમાન કર્યુહતુ. જ્યાં કપિલાબહેન અને તેમનુ સન્માન કરતા સહકર્મચારી બહેનોની આંખોમાંથી હર્ષ અને વિદાયના આંસુ ટપકી પડતા પળવાર માટે સમારોહમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ પ્રસંગે પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિ. શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય, શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, સાબરડેરીના ડિરેક્ટર ભોગીભાઈ પટેલ તથા જિ.પં.ના હોદ્દેદારો, જૂથ શાળાના શિક્ષકો, સંગઠનના હોદ્દેદારો તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી અખિલ ભારતવર્ષીય ઔદીચ્ય બ્રહ્મ સમાજ દ્વારા બ્રાહ્મણ ક્રિકેટલીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલી બ્રાહ્મણોની ટીમે ભાગ લીધો હતો. ક્રિકેટ લીગની ફાઈનલમાં અશ્વીનભાઈ પાઠક ગુરુજી, અમિતભાઈ ઠાકર, જગતભાઈ શુક્લ, શૈલેષભાઈ શુક્લ, યજ્ઞેશભાઈ દવે અને અશ્વીનભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. સફળ આયોજન બદલ અભિષેકભાઈ શુક્લ અને સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન.

### 3 વર્ષની બાળા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી આવ્યા હતા. કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકને તાબડતોબ જરૂરી પગલાં લઈ અને આ અંગે જરૂરી સાવચેતીના પગલાં ભરવા માટેની સૂચનાઓ પણ આપી હતી. મળતી વિગતો પ્રમાણે આજે તંત્રની ટીમોએ ૬૫૦૦ જેટલા મકાનોમાં સર્વેલન્સની કામગીરી કરી ૧૩ હજાર જેટલા પાત્રોની ચકાસણી કરી હતી. તંત્રની ટીમોએ ૧૧ જેટલા શૈક્ષણિક સંકુલોમાં પણ સર્વેલન્સની કામગીરી કરી હતી.

તંત્રને આજે તાવના દર્દીઓ સે. ૬ અને ૧૩માંથી વધારે મળી આવ્યા હતા. આ બન્ને સેક્ટરોમાં બાંધકામની પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બે સેક્ટરોમાંથી જ ૩૨ જેટલા તાવના દર્દીઓ મળ્યા હતા. સે. ૬માંથી ૨૦ અને સે. ૧૩માંથી ૧૨ દર્દી મળી આવ્યા હતા. આ ઉપરાંત સે. ૪, ૩ અને ૫ માંથી પણ છુટા છવાયા તાવના દર્દીઓ મળી આવ્યા હતા. સોમવારથી તંત્ર દ્વારા મેલેરિયા અંગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં શહેરના વિવિધ સેક્ટરોમાંથી ૧૩૫ જેટલા તાવના દર્દીઓ મળી આવ્યા છે તેમજ એક કેસ મેલેરિયા પોઝીટીવ મળી આવ્યો છે.

### દર્દી મળી આવ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ આજે પણ ૯૩૩ સ્થાનોએથી મેલેરિયા ફેલાવતા મચ્છરોના લારવા પકડી પાડી અને પોરાનાશક કામગીરી કરી છે. તેમજ આજે મળી આવેલા ૪૦૫ જેટલા તાવના દર્દીઓના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાંથી તાવના દર્દીઓ જે રીતે મળી રહ્યા છે તે જોતાં જિલ્લામાં આરોગ્યની સ્થિતિ કથળી છે. ગ્રામ્ય વિસ્તારમાં છુટા છવાયા ડેન્ગ્યુના એક-બે કેસ પણ અત્યાર સુધીમાં નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૫૦ જેટલા ગામોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. આ સર્વેલન્સની કામગીરી એક સપ્તાહ સુધી ચાલવાની છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે મચ્છરોના લારવા મળી રહ્યા છે તેને તંત્રએ ગંભીરતાથી લીધા છે અને આગામી દિવસોમાં ચોમાસા માટેનો બનનારો એક્શન પ્લાનમાં આ બધી બાબતોને નજરમાં રાખી વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવાની વ્યુહરચના તૈયાર થશે તેમ મનાઈ રહ્યુ છે.

### લાગણીનો મેળો ● ૪ પોતાનાનું ચાલુ...

● એકાગ્રતાનો સિદ્ધાંત : એક સમયે આપણે એક જ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ.

● ઉદારતાનો સિદ્ધાંત : આપણી બોલી અને વર્તણૂંકમાં સમાનતા હોવી જોઈએ.

● વર્તમાનનો સિદ્ધાંત : વર્તમાનને ત્યારે જ જીવી શકાય જયારે ભૂતકાળમાંથી બહાર આવી ગયા હોઈએ.

● પરિવર્તનનો સિદ્ધાંત : ઈતિહાસ પોતાને ત્યાં સુધી પુનરાવર્તિત કરે છે જયાં સુધી આપણે એમાંથી શીખ નહીં મેળવી લઈએ.

● ધીરજનો સિદ્ધાંત : ધીરજનાં ફળ હંમેશા મીઠાં હોય છે.

● પ્રેરણાનો સિદ્ધાંત : આપણી મહેનત અને લગનનું સીધું પરિણામ આપણને સકારાત્મક ફળના સ્વરુપે મળે છે.

- Rasikvaland1965@gmail.com

### વિજય હેટ્રીક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ જીત થઈ છે. અમે આશા કરીએ છીએ કે આમ આદમી પાર્ટી અને દિલ્હી સરકાર એમસીડીને સહકાર આપશે અને દિલ્હીની પ્રજાના કામોને આગળ વધારશે. પૂર્વી દિલ્હીમાં પરિણામોમાં ભાજપે ૪૮ સીટ ઉપર જીત મેળવી લીધી છે. અહીં બહુમતીનો આંકડો ૩૩ છે. બીજી બાજુ ઉત્તર દિલ્હીમાં ભાજપે ૬૬ બેઠકો જીતી લીધી છે. અહીં બહુમતીનો આંકડો ૫૩ છે. બીજી બાજુ દક્ષિણ દિલ્હીમાં ભાજપે ૧૦૪ પૈકી ૭૦ બેઠકો જીતી લીધી છે અને અહીં બહુમતીનો આંકડો ૫૩નો છે. જે દર્શાવે છે કે ભાજપે તમામ જગ્યા ઉપર જોરદાર સપાટો બોલાવ્યો છે. કોંગ્રેસ પાર્ટી અહીં ત્રીજા સ્થાને રહી છે. કોંગ્રેસ પાર્ટીનો દેખાવ દિન પ્રતિદિન વધુને વધુ ખરાબ થઈ રહ્યો છે. અરવિંદ કેજરીવાલે પણ હજુ સુધી ઈવીએમ પર દોષારોપણ કર્યા હતા. આમ આદમીને લઈને લોકો નાખુશ દેખાઈ રહ્યા હતા. દક્ષિણ દિલ્હીમાં પણ ભાજપે અભૂતપૂર્વ સફળતા મેળવી લીધી છે. જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે તે દિલ્હીમાં એમસીડીની ચૂંટણી માટે આજે સવારે મતગણતરી શરૂ કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે શરૂઆતી કલાકોમાં જ ભાજપે તેના હરિફ પક્ષો પર અભૂતપૂર્વ લીડ મેળવી લીધી હતી. ધારણા પ્રમાણે જ એક્ઝિટ પોલના તારણ યોગ્ય સાબિત થયા હતા. મોદી લહેર અકબંધ રહી હતી. દિલ્હીમાં મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ માટે આ એમસીડી ચૂંટણીને પ્રતિષ્ઠિત ગણવામાં આવી રહી હતી. કેજરીવાલની લોકપ્રિયતાની પણ કસોટી આના કારણે થઈ ગઈ છે.

### આરપારની લડાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજનાથ સિંહે આઠમી મેના દિવસે દિલ્હીમાં નક્સલવાદીગ્રસ્ત રાજ્યોની એક મહત્વપૂર્ણ બેઠક પણ બોલાવી છે. જેમાં નવી રણનિતી પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. એમ કહેવામાં આવે છે કે મંગળવારે રાયપુરમાં કેન્દ્ર અને છત્તીસગઢના સુરક્ષા અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં રાજનાથસિંહે વરિષ્ઠ સુરક્ષા સલાહકાર કે વિજય કુમાર અને સીઆરપીએફના કારોબારી ડીજી સુદીપ લખટકિયાને ભુલ ક્યાં થઈ છે તે અંગે માહિતી મેળવી લેવા માટે આદેશ કર્યો હતો. સીઆરપીએફ પર સતત હુમલા કેમ થઈ રહ્યા છે તે અંગે માહિતી મેળવી લેવા માટે પણ કહેવામાં આવ્યુ છે. નક્સલવાદીઓની સામે નવેસરથી નીતિ તૈયાર કરવા માટે સુચના પણ આપી દેવામાં આવી છે. બે ત્રણ મહિનામાં પરિણામ મળે તેવી સુચના આપવામાં આવી છે. સરકારે ૧૦ નક્સલીગ્રસ્ત રાજ્યોની એક ઉચ્ચસ્તરી બેઠક દિલ્હીમાં આઠમી મેના દિવસે બોલાવી છે.

### હેલ્લો ફ્રેન્ડસ્! ● ગઈકાલના ૪થા પાનાનું ચાલુ...

આ વાત પર જનમેજય વિચારમાં પડ્યો, દિવસે રૂપવાન પત્ની સાથે બધાં સાથે ફરવાની કેટલી મજા, પણ રાત્રે કદરૂપી? અને જો ઊંધું કરું તોય લોચા' બોલ રાજા હવે જનમેજય શું નિર્ણય લેશે? જો તું સાચો જવાબ જાણતો હોવા છતાં નહીં આપે તો, તારા માથાના ટૂકડે ટૂકડા થઈ જશે.'

રાજા વિક્રમે વિચાર કરી જવાબ આપ્યો, 'જનમેજયે એને કહ્યું કે આજથી તું મારી પત્ની છે, એટલે તારે કયારે કયું રૂપ લેવું એ નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર તારો જ છે. તારે જ નક્કી કરવાનું કે તું કયારે રૂપવાન અને કયારે કદરુપી રહીશ.'

રાજા તારી વાત સાતી છે, અને એના એ જવાબથી જાદુગરણીએ ખુશ થઈને કાયમી રૂપવાન રહેવાનો નિર્ણય કર્યો કારણ જનમેજયે એને એની જિંદગીનો નિર્ણય કરવાનો પૂર્ણ હક્ક આપ્યો હતો. એટલું કહી વેતાળ ઉડીને ફરી ઝાડે લટકી ગયો!

ચૂંટલો : સ્ત્રીને એની ઈચ્છા પ્રમાણે જીવવા દો, એને એના જિંદગીનો નિર્ણય કરવાનો સ્વતંત્ર અધિકાર આપો. એ આપોઆપ તમારા પર એની જાત ન્યોછાવર કરશે. આમેય એ બધું પોતાના પરિવાર માટે જ કરતી હોય છે. એના સ્વતંત્ર અધિકાર પરિવારના ફાયદામાં જ રહેશે. ટ્રાય કરને મેં કયા હર્જ હે?

### માકનનું રાજીનામુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને વધારે સારા દેખાવની અપેક્ષા હતી. બીજી બાજુ વરિષ્ઠ અજય માકને પોતાની પ્રતિક્રિયામાં કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટીને ફરી એકવાર નિરાશા હાથ લાગી છે પરંતુ પાર્ટીના કાર્યકરો ફરીવાર તાકાત લગાવીને આગળ વધશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે સકારાત્મક મુદ્દાની સાથે ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. અમે સંતુષ્ટ છીએ કે ચૂંટણીમાં યોગ્યા મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. સંગઠનાત્મક નિમણૂંકોમાં દિલ્હી કોંગ્રેસ અધ્યક્ષ તરીકે અઢી વર્ષના ગાળા દરમ્યાન તેમને સંપૂર્ણ સ્વતંત્રતા મળેલી હતી. તેમની ટિપ્પણી એવા સમયમાં આવી રહી છે જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષિતે કહ્યું છે કે અજય માકન લોકો સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે દિલ્હી કોંગ્રેસ પ્રમુખનું સ્થાનિક નેતૃત્વ નબળુ રહ્યું હતું. માકને પણ ઈવીએમ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે ચૂંટણી પંચને ઈવીએમના મુદ્દામાં તપાસ કરવાની જરૂર છે. ઈવીએમ પર વિશ્વાસ કરી રહ્યા નથી ત્યારે ચૂંટણી પંચ ઉપર વિશ્વાસ કરવાની જરૂર છે. ચૂંટણીમાં હાર અંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષિતે કહ્યું છે કે આનાથી પાર્ટી ખતમ થશે નહીં. ભાજપની જીતને શીલા દિક્ષિતે સત્તા વિરોધી લહેર તરીકે ગણાવી હતી.

### પાકિસ્તાનને અનુરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવાનો પણ પાકિસ્તાને હાલમાં ઈનકાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય કાયદામાં માનવતાના આધાર ઉપર જાધવને મળવાની ઈચ્છા રાખે છે. બીજી બાજુ પાકિસ્તાનના વિદેશ વિભાગના અધિકારીઓનું કહેવુંછે કે જાધવના ટ્રાયલના ગાળા દરમિયાન જ્યુડિશિયલ પ્રક્રિયાને ટાળવામાં આવી હતી. સંબંધિત કાયદા મુજબ વકીલ પણ આપવામાં આવ્યો છે.

### ખુબ પ્રભાવિત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટિપ્પણીઓ ભાગ્યે સાંભળવા મળે છે. બિલ ગેટ્સ પણ નરેન્દ્ર મોદીની નવી પહેલથી ખૂબ જ પ્રભાવિત થયેલા છે. વિશ્વના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે કહ્યું છે કે આવનાર સમયમાં સ્વચ્છ ભારત અભિયાનની વધુ સારી અસર થનાર છે. ક્લિન ઈન્ડિયા અથવા તો સ્વચ્છ ભારતના નામે આની શરૂઆત કરવામાં આવી હતી. મોદીએ પગલા સાથે પણ પોતાના શબ્દોને જાળવ્યા છે. ભાષણના બે મહિના બાદ જ આની શરૂઆત કરી દેવામાં આવી હતી. સ્વચ્છ ભારત અભિયાન હવે ૨૦૧૯ સુધી પરિપૂર્ણ થનાર છે. ખુલ્લામાં શૌચનો અંત લાવવાના ઈરાદા સાથે આની શરૂઆત કરવામાં આવી હતી. દેશભરમાં ૭૫ મિલિયન ટોયલેટનું નિર્માણ કરવામાં આવી ચુક્યું છે. જે એક અભૂતપૂર્વ પહેલ તરીકે જોઈ શકાય છે. બિલ ગેટ્સે એમ પણ કહ્યું છે કે તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ અભૂતપૂર્વ પહેલમાં શામિલ થઈ રહી છે.

### કૃષિ આવકને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નીતિ આયોગના સભ્ય વિવિક દેવરોયે એક પ્રતકાર પરિષદમાં કહ્યું હતું કે સરકારના સંસાધન વધારવા માટે વ્યક્તિગત આવકવેરા પર આપવામાં આવતી છૂટ ખતમ કરવા અને કૃષિ આવકને ટેક્સની હદમાં લાવવાની તરફેણ કરવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે આ પ્રયાસથી ટેક્સ આધાર વધશે અને સામાજીક ક્ષેત્રની યોજનાઓ માટે વધારે ફંડ ઉપલબ્ધ થઈ શકશે. તેમણે કહ્યું હતું કે વ્યક્તિગત

આવકવેરા પર છૂટ ખતમ થાય તે જરૂરી છે. વ્યક્તિગત આવકવેરાની હદ વધારવા માટે તેમાં આપવામાં આવતી છૂટછાટો ખતમ કરવા અથવા તો એક મર્યાદાથી વધારે કૃષિ આવક સહિત ગ્રામીણ ક્ષેત્રમાં પણ કરવેરા લાગુ થવા જોઈએ. દેવરોયનું કહેવું છે કે આની પાછળ વધારે ફંડ એકત્રિત થઈ શકે છે. તેમનું કહેવું છે કે આમાં જે કંઈપણ વધુ સારૂ થઈ શકે છે તે કરવાના પ્રયાસ થઈ રહ્યા છે કારણ કે આ એક કૃષિ આવક છે. કોઈ એક વર્ષની કૃષિ આવકનો ઉપયોગ કરવાના બદલે તેઓ આને ત્રણ વર્ષની સરેરાશ અથવા તો પાંચ વર્ષની સરેરાશની દ્રષ્ટીએ ઉપયોગ કરી શકે છે કારણ કે કૃષિ આવકમાં દર વર્ષે ઉતાર ચઢાવની સ્થિતિ રહે છે. જેથી કરવેરા મર્યાદા યથાવત હોવી જોઈએ. કૃષિ આવકને ટેક્સની હદમાં લાવવાની દલીલ આપવામાં આવ્યા બાદથી આને લઈને ચર્ચા ચાલી હતી. કૃષિ સાથે સંબંધિત નિષ્ણાતો મેદાનમાં આવી ગયા હતા. આજે અરૂણ જેટલીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે કૃષિ આવકને ટેક્સની હદમાં લાવવાની કોઈ યોજના નથી.